ફોન નં. : ૨૫૭૮૫૦૧
ફેક્સ નં. : (૨૮૧) ૨૫૮૬૯૮૩

Phone No. : 2578501
FAX : (0281) 2586983

# SAURASHTRA UNIVERSITY

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Office of the
Saurashtra University
University Road,
Rajkot - 360 005.

[Accredited Grade " A " by NAAC]

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ૩૬૦ ૦૦૫.

પરિપત્ર ::–

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત સંસ્કૃત ભવનના અધ્યક્ષશ્રી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિનયન કોલેજોના આચાર્યશ્રીઓ ને જણાવવામાં આવે છે કે એકેડેમિક વિભાગના પરીપત્ર નં.એકે/બીએસ/સંસ્કૃત/૫૬૧/૧૬ તા.૦૫/૦૫/૧૬ મુજબ સંસ્કૃત વિષયની અભ્યાસ સમિતિ ની તા.૧૬/૦૩/૧૬ ની સભામાં નીચે મુજબનો ઠરાવ થયેલ :

"સંસ્કૃત વિષયના પીએચ.ડી. મહાનિંબધનું માધ્યમ હિન્દી અથવા સંસ્કૃત અથવા અંગ્રેજી એમ નિયત કરવુ આ બાબતનો અમલ તા.૦૧/૦૧/૧૬ પછીથી પીએચ.ડી. ના વિધાર્થીઓની નોંધણી કરતા વિધાર્થીઓને લાગુ પાડવા ભલામણ છે.

વધુમાં સ્પષ્ટતા કરવાની કે તા.૦૧/૦૧/૨૦૧૬ પહેલા જે વિધાર્થીઓની નોંધણી થઈ ગયેલ છે તેવા વિધાર્થીઓ પોતાની સિનોપ્સીસ તેમજ થીસીસ ગુજરાતી ભાષામાં પણ રજુ કરી શકશે."

ઉપરોકત ઠરાવ પરત્વે વિનયન વિધાશાખાએ તેની તા.૦૨/૦૫/૧૬ ની સભાના કામકાજ ક્રમાંક ૧૭(૭) થી નીચે મુજબ ઠરાવ કરેલ છે :

"આથી સંસ્કૃત વિષયની અભ્યાસ સમિતિની તા.૧૬/૦૩/૧૬ ની સભાની ઉકત ભલામણ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજુર કરવા માન.કુલપતિશ્રીને વિનંતી કરવામાં આવે છે."

આ વિભાગની તા.૧૦/૦૫/૧૬ ના રોજની નોંધમાં થયેલા આદેશ મુજબ ઉપરોકત બાબતને બી.યુ.ટી. સભા અને સિન્ડીકેટની સભાની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીએ મંજુર કરેલ છે.

આ બાબત સંસ્કૃત વિષયના પીએચ.ડી. માર્ગદર્શકોના ધ્યાને મૂકવા વિનંતી.

કુલસચિવ

નં.પીજીટીઆર/૩/ ૧૭૬૪ /૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,,
રાજકોટ – ૩૬૦ ૦૦૫ તા.૨૬/૦૫/૧૬

પ્રતિ,
(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત સંસ્કૃત ભવનના અધ્યક્ષશ્રી.
(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિનયન વિધાશાખા ની કોલેજો ના આચાર્યશ્રીઓ

નકલ રવાના::–
(૧) માન.કુલપતિશ્રી / માન.કુલસચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ તરફ.
(૨) એકેડેમિક વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
(૩) નિયામકશ્રી કોમ્પ્યુટર સેન્ટર, "**Ph.D. Thesis language of Sanskrit Subject**"અંતગર્ત સરકયુલરમાં પ્રસિધ્ધ કરવા.